# ઈલેવન કમાન્ડમેન્ટ્સ

સન 1930ની ફોર્ડની ટી મોડેલની ચાર પૈડાંવાળી એક ગાડી દરિયા કિનારે આવેલા પારસી બાંધણીના એક વિશાળ વરંડા વાળા બેઠા ઘાટના જૂના મકાન સૈફી હાઉસ આગળ આવવા થઈ એટલે ચાલકે હોર્ન માર્યો. હોર્નનો અવાજ સાંભળી થોડીવારમાં જ એક ચોકિયાત દરવાજા સુધી લાકડીના ટેકે ઝડપથી ચાલી આવ્યો. એણે દરવાજામાં ઊભા ઊભા જ સામે આવતી ગાડી તરફ હાથ હલાવી સલામી આપી. ગાડી આવી અને ગાડીમાં પાછલી બેઠક પર બેઠેલા વૃધ્ધએ એક હાથે એને 'જય હિન્દ' કહી વળતી સલામ આપી.

ચોકિયાત 'જયહિંદ' સાંભળી ગદગદ થઈ ગયો. એ પણ ધીમા અવાજે બોલ્યો; 'જયહિંદ'. દરિયા કિનારે જઈ રહેલી ગાડીમાં જયહિંદનો એ નારો ગુંજતો રહ્યો.

ઓગણીસો ત્રીસનું વર્ષ કેટકેટલા માનવીઓ માટે યાદગાર બની ગયું હતું, એનો જીવતો જાગતો પૂરાવો હતી આ એ વેળાની જૂની વિંટેઝ ગાડી. ગાડીમાંથી 'જયહિંદ'નો પ્રતિસાદ મળતાં જ વાહનચાલકે ગાડીને રેસ આપી, ગાડી ગતિ પકડી પસાર થઈ આગળ ગઈ દરિયા કિનારા તરફના ઢોળાવ વાળા રેતાળ માર્ગે.

ઢોળાવ ઊતરતી એ ગાડીને ચોકિયાત ભાવાવેશપૂર્વક અદબ અને અદમ્ય ઉત્સાહથી જોઈ રહ્યો.

કિનારા પર સતત દરિયાઈ પવનો વહેતા હતા. એ પવનોમાં ઝૂલતાં ઊંચા ઊંચા નારિયેળી અને તાડના વૃક્ષોથી ઢંકાયેલો ઢાળ ઉતરીને ગાડી પહોંચી દરિયા કિનારે. ઊછળતાં મોજાંથી થોડેક દૂર ભીની સપાટ રેત પર જઈને ગાડી ઊભી રહી.

હમણાં જ દરિયાનાં મોજાં આ રેતપટને ભીનો કરી ગયાં હતાં. હવે થોડેક દૂર જઈને એ બધાં મોજાં ઉછળતાં હતાં. એની પાછળ જ પશ્ચિમમાં ઢળતો સૂરજ હતો. અસ્તાંચળ તરફ ગતિ કરતો સૂરજ એનો તાપ ધીમે ધીમે છોડતો જતો હતો. દીવસભરના ઉકળાટ પછી બદલાતું સૂરજનું આ સૌમ્યરૂપ મનને ટાઢક અને આંખોને શાતા આપતું હતું. સૂરજ પણ પળ પળ રંગ બદલતો

જતો હતો. એને ક્ષિતિજમાં સમાઈ જવાની હજુ વાર હતી, પણ ગેરુઆ રંગની એની આછેરી ઝાંય વિશાળ પટમાં નીચે પથરાયેલાં હિન્દ મહાસાગરના સરકતાં મોજાંને કેસરિયાં બનાવી અંધારી રાતના તારલાની જેમ ચમકાવતી હતી. ધીરે ધીરે મોજાં પણ મદમસ્ત બની હિલોળા લઈ રહ્યાં હતાં. ચમકતા તારલા મઢી મોજાંની સેજ પર દૂર એકાદ હોડી હિલોળા લઈ રહી હતી.

સાગરમાં થોડે આઘે સુધી ગયેલી એ હોડી કિનારા સાથે સંતાકૂકડી રમતી હતી. ઘડી સપાટી પર તરતી દેખાય તો, ઘડી પછી એ કોઈ મોટા મોજા પાછળ લપાઈ જતી હતી. નાવિક એક છેડે હલેસાના ટેકે ઊભો એને સમતોલ કરવાનો પ્રયત્ન કરતો હોય એમ લાગતું હતું. બીજાં અનેક હોડકાં પણ દરિયાલાલના ખોળે મસ્ત બની રમી રહ્યાં હતાં.

દૂરથી આવતો પવન કોઈ મછવારાના ગળેથી નીકળેલા શબ્દોને તાણી લઈ આવ્યા; *'નાવડી મારી મઝધારે, 'ને હલેસું તારે હાથ માલમ, જાવું છે મધદરિયે, જ્યાં મોતીડાં પકવે મારો મોહનપ્યારો, માલમ, નાવડી મારી મઝધારે.'*

સાંજ પડવામાં હતી એટલે સાગરક્ષિતિજે તપ્ત સૂરજ કિરણો સૌમ્ય બની રહ્યાં હતાં, અને મંદ બનતા જતા અજવાશથી સાગરનો તટ અને આકાશ વચ્ચે એક તેજોમય રેખા ખેંચાઈ રહી. એ પહેલાં તો કેટલીય હોડીઓ કિનારે લાંગરી ચૂકી હતી; અને કેટલીય હોડીઓ કિનારો છોડીને પરત દરિયાલાલના ખોળે મહાલવા નીકળી પડી હતી. કિનારે લાંગરેલી હોડીઓમાંથી ટોપલાં ઉપાડી કેટલાક સ્ત્રી-પુરુષો કિનારા તરફ દૂર એમની વસાહત તરફ જઈ રહ્યા હતા.

કિનારે બેઠેલો કોઈ માનવી એ ઉજળા રેખાંકનથી સાગરની વિશાળતા અને ઊંડાણનો સહેલાઈથી અંદાજ લગાવી શકે એમ હતો.

નૈરૂત્યના પવન વહી રહ્યા હતા અને કિનારે રવિનો સૌમ્ય તડકો હજુ તો વિદ્યમાન હતો.

ગાડી ઊભી રહી. ચાલક ઉતરીને પાછલી સીટનો દરવાજો ખોલી ઊભો રહ્યો. દરિયાના ઠંડા પવનનો એક ભારે ઝોલો ગાડીના તાડપત્રીના રૂફને ફડફડાવી ગયો. એ ફડફડાટ વચ્ચે ધ્રૂજતો એક હાથ દરવાજા પર મૂકાયો. જાડા દેશી ચામડાનાં ચપ્પલ પહેરેલા બે વૃધ્ધ પગ દરવાજામાંથી એક પછી એક બહાર આવી ગાડીના પગથિયાં પર મૂકાયા. એ વખતે બીજા દરવાજામાંથી ઉતરીને એક નાનો બાળક દોડતો આવી ગાડીમાંથી ઉતરતા વૃધ્ધ પાસે આવીને ઊભો રહ્યો.

બાળકે એના બંને પગના અંગૂઠાઓ ભીની રેત પર દબાવ્યા; અને રેતમાં ચમક આવી; *જુઓ જુઓ, વીજળી થઈ!!!* બાળક બોલી પડ્યો. લાકડીના ટેકે ગાડીમાંથી ઊતરતાં એના ખભે હાથ મૂકી વયોવૃધ્ધ માનવી નીચે ઉતર્યા. પોતાના ખભા પર મૂકાયેલા કૃશકાય પંજા પર બાળકે પોતાનો નાનો કૂમળો પંજો મૂક્યો, વૃધ્ધે લાકડી ગાડીની સીટ પર પાછી મૂકી. બાળક ધીમા ડગલે ચાલ્યો; પાછળ એ વૃધ્ધ માનવી પણ. ચાર-ચાર પેઢીઓને જોડતાં ચાર ચાર પગલાં એક સાથે ભીની રેત પર ઊંડી છાપ પાડતાં આગળ વધ્યાં. પગલાં એવીરીતે આગળ વધતાં હતાં કે, જાણે કોઈ મોટા લક્ષ્યને આંબવા નાનાં પગલાંએ ગજા પ્રમાણે મોટું સાહસ આદર્યું હોય.

પવન તેજ ગતિએ વહેતો હતો. દરિયા કિનારે આવીને પાછાં વળતાં મોજાનો ખળખળ નાદ દરિયા પારથી આવતા પવનના સૂસવાટાઓ વચ્ચે ખોવાઈ જતો હતો.

'દીકરા, તું મને રોજ સાગર કિનારે શેના માટે લઈ આવતો છે? તને દરિયો ગમતો છે?' દાંડીના દરિયા કિનારે ભીની રેતમાં ચાલતાં ચાલતાં લગભગ સદી વટાવી ચૂકેલા માનવીએ બાળકની સાથે વાત શરૂ કરી એના ખભાને પસવારતાં હળવાશથી પૂછ્યું.

સૈફી હાઉસ સન્મૂખ પથરાયેલા અભેદ, અનંત મહાસાગર પરથી વહેતા નિર્મળ સામુદ્રી પવનો જ્યાં પણ જતા હશે ત્યાં ત્યાં સંસારના સંદેશવાહક બની સમસ્ત સંસારને સત્ય, અહિંસા અને આત્મબળના જોરે નીડરતા અને અડગતા પ્રાપ્ત કરી શકાય છે એવો સંદેશ આજે નેવું વર્ષ પછી પણ પહોંચાડી રહ્યા હતા. ચપ્પલ ભીની રેતમાં ખૂંપી જતાં હતા. વૃધ્ધને ચાલવામાં તકલીફ પડતી હતી.

'મને મોટી માએ કીધેલું છે કે, મારે તમને રોજ આ દરિયા કિનારે ફેરવવા લવવાનું.' મોજાની એક નાની લહેર એના પગમાં દોડી આવી. એને અવગણીને દૂરથી આવતી બીજી લહેરો સામે નજર રાખીને બાળકે ઉત્સાહમાં કહ્યું.

વૃધ્ધે કહ્યું; 'બસ, મોટી માએ કીધેલું અને તું મને આ ઉંમરે અહીં લઈ આવતો છે? કમાલ છે તારી. તને થાક નથી લાગતો?' એમ કહીને વૃધ્ધ નિખાલસતાથી હસી પડ્યા.

'ના, મને નથી લાગતો થાક. તમને લાગે તો કેજો, આપણે ત્યાં બેસી જઈશું; અને હા, મોટી માએ કહ્યું છે એટલે તમને હું નિયમિત લઈ આવતો છું.'

'એવું! બીજું શું કહે છે, તારી મોટી મા?'

'એ મને કહે છે કે તમે બંને આ દરિયા કિનારે રોજ આવતા.'

'અચ્છા?'

'તમે દરિયા કિનારે એક દિવસ પણ સાંજ પડે અને ના આવો તો તમને બેચેની થઈ જતી!' માંડ દસકો વટાવેલા નાના બાળકે સદી વટાવી ચૂકેલા એક વૃધ્ધ સાથે નજર મેળવી કહ્યું. વૃધ્ધ અને બાળકની આંખો એકબીજાને તાકતી રહી, જેમ કે, બંનેની એકબીજાની આંખોનાં ઊંડાણ માપતા ન હોય! દૂર આથમણે વિહાર કરતા રવિની દ્રષ્ટિ એમના પર પડી રહી હતી.

નમતો સૂરજ હતો, પણ હિંદ મહાસાગરના મુકુટ સમા કિનારાના દાંડી ગામે હજુ સૂર્યાસ્ત થવાની ઘણી વાર હતી. આકાશમાં અનેક યાયાવર પક્ષીઓ ઉડાન ભરીને એમના માર્ગે ઊડી રહ્યા હતા. અન્ય કેટલાંય પક્ષીઓ આમતેમ વિહર્યા કરતાં હતાં. કેટલાંક પક્ષીઓ તો લાગ જોઈને દરિયાના પાણીમાં સીધી તરાપ મારીને ઊંડે જઈને ગજા પ્રમાણેનો ખોરાક ચાંચમાં ભરાવી બહાર આવતા આવતાં ક્યારે એ ખોરાકને ઓહિયાં કરતાં કરતાં આકાશમાં ઊડવા માંડતાં હતાં. વળી કોઈ ખગ વિહંગાવલોકન કરતાં કરતાં શિકારની નવી શોધમાં બેચાર ચક્કર મારી સીધું પાણીમાં નિશાન પર તરાપ મારી જતું હતું. પાણીમાં સરકતાં રહેતાં માછલી જેવાં અનેક જળચર જીવોને તો સહેજે ય અણસાર રહેતો નથી કે, ક્યારે આકાશમાંથી કોઈ આવીને એમને કોળિયો કરી જશે.

જળમાં વિહરવાની જળચરોની એક આગવી પ્રકૃતિ છે, તેમ દરેક જીવ માટે પણ એક આગવું આકાશ હોય છે, ધરતી હોય છે. વિપરીત હવા અને વિપરીત મોજાની તાકાત સામે મરજીવા જ હોડકું લઈને સાગરમાં ઝંપલાવે તો જ એ મહાસુખ પામે, અજાણી હદો પાર કરીને આગળ વધનાર પોતાનું આકાશ ય બદલી શકે છે અને નીચે ધરતી અને સાગર પણ.

ભીના તરબતર કિનારે પેલાં પગલાં ધીમે ધીમે એક પછી એક નવી છાપ છોડતાં જતાં.

દરિયાપારથી વહેતો આવતો અનિલ એની ગતિ જાળવીને કિનારાને હૂંફ આપતો હતો.

મોહનલાલ.

દેશભરમાં ગાંધી-ચિંધ્યા માર્ગે લોકસેવા અને જનજાગૃતિ તથા દેશઘડતરમાં જોડાયેલા હજારો માનવીઓનો *સારે જહાં સે અચ્છા હિંદુસ્તાં* ઘડવાનો સિલસીલો દાયકાઓ ચાલ્યો હતો. વિદેશી બ્રિટીશ સત્તાના અંકુશમાંથી મુક્ત થઈ પૂર્ણ સ્વરાજ મેળવવા દાયકાઓ સુધી મથતા રહેલા હિન્દના લોકોએ એમનું ભાવિ જાતે જ ઘડવાનું હતું. ગઈકાલે જ્યાં શાષક કેન્દ્રમાં હતો ત્યાં, આજે આમ માનવી કેન્દ્રમાં સ્થાન લઈ ચૂક્યો હતો. લોકકલ્યાણે દીશા પકડી લીધી હતી. હિન્દ સ્વરાજને જાતે સાકાર કરવાનું હતું. આઝાદ હિંદુસ્તાનના લોકો સ્વ-નિયમન અને અંકુશ દ્વારા દેશને સ્વબળે ચલાવવા સક્ષમ છે અને એમનું હિત, કલ્યાણ જાતે કરી શકે છે એની ખાતરી દુનિયાને કરાવવાની હતી. ગાંધીનું સત્ય અને અહિંસાના બળે ગ્રામ-સ્વરાજનું ધ્યેય હવે દેશની પ્રજાના પ્રતિનિધી એવા દેશના ઘડવૈયાઓ અને સંચાલકો માટે ગીતા બની રહ્યું હતું. ત્યારે એકબીજાના જીવન સાથી એવાં મોહનલાલ અને સાવિત્રીબાઈને પણ ધૂન લાગી ગઈ અને એમના ભાઈ ભાંડુઓ સાથે દેશસેવા-યજ્ઞમાં જોડાઈ ગયા હતા. વ્યવસાયે મોહનલાલ વકીલ હતા અને વિસ્તારના મોટા ખેડૂત પણ હતા. આઝાદી બાદ ગાંધી-ચિંધ્યા માર્ગે જ્યારે ૧૯૫૧માં વિનોબા ભાવેની ભૂદાન ચળવળ આખા દેશમાં ચાલી ત્યારે એમણે એમની પાસેની ઘણી બધી જમીન ભૂદાન યજ્ઞમાં આહુતિ સ્વરૂપે આપી દીધી હતી.

દાંડીના સાગરતટના અનેક ગામડાઓમાં સેવાકીય પ્રવૃત્તિઓ કરતાં કરતાં વર્ષો વિત્યા છતાં આજે પણ સાંજ પડેને સાગર કિનારે આવી જવાની મોહનલાલની ટેવ અકબંધ હતી. પણ થયું એવું કે, એમના પત્ની સાવિત્રીબાઈનું શરીર ઉંમરને કારણે સાથ આપવા ન લાગ્યું ત્યારે એમનું ઘરબહાર નીકળવાનું બંધ થઈ ગયું; પતિ-પત્નીનો નિયમિત દરિયા કિનારે જોડે જવાનો આ નિત્યક્રમ તૂટી ગયો. પણ, આ તો જીવનસાથી; સુખ-દુઃખનાં ભેરું સાવિત્રીબાઈએ ભલે પોતે એમને સાથ ન આપી શકે પણ પતિનો એ નિત્યક્રમ જળવાઈ રહે એવી વ્યવસ્થા કરી. એમણે આ જવાબદારી એમના પૌત્રના કુમારવયે પહોંચેલા દીકરા હરીને આપી. હરીએ એ જવાબદારી પોતાના નાના ખભે ઉપાડી પછી મોહનલાલનો એ નિત્યક્રમ આજ દિન ચાલુ રહ્યો. હરી તથા એમની ગાડીનો ડ્રાયવર નિયમિત સાંજે એમને આ સાગર કિનારે લઈ આવે. ભીની ભીની રેતમાં પગલાં પાડતાં પાડતાં સાગરકાંઠાના ભવ્ય ભૂતકાળની મીઠી મીઠી યાદોનાં તોરણ બાંધતા મોહનલાલ ધીમે ધીમે ટહેલતા રહેતા.